ગાંધીનગર સમાચાર

# ઓસ્ટ્રેલિયાના ઉભરતા સ્ટાર ફિલ હ્યુઝનુ મૃત્યુ

## બે દિવસ પહેલા બાઉન્સર વાગ્યા બાદ હાલત ગંભીર હતી : વિશ્વભરમાં આઘાત

સિડની,તા. ૨૭

ઓસ્ટ્રેલિયાના ઉભરતા સ્ટાર ફિલ જોઈલ હ્યુઝના મોતની સાથે જ



આજે સમગ્ર વિશ્વ ક્રિકેટમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું છે. ૨૫મી નવેમ્બરના દિવસે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે શેફિલ્ડ શિલ્ડની મેચ દરમિયાન ઝડપી બોલર સીન એબોર્ટનો એક બાઉન્સર વાગ્યા બાદ તે મેદાન પર જ બેભાન થઈ ગયો હતો ત્યારબાદ તેને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેની હાલત છેલ્લા બે દિવસતી ગંભીર હતી. આજે સવારે બે દિવસ સુધી જીવન સામે સંઘર્ષ કર્યા બાદ તેનુ અવસાન થયું હતુ. તેના અવસાનથી વિશ્વભરના કરોડો ક્રિકેટ ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતુ. બાઉન્સર વાગ્યા બાદ તેને તરત જ સેન્ટ વિન્સેન્ટ હોસ્પિટલમાં ખસેડાવામાં આવ્યો હતો. જ્યાં તેના પર સર્જરી કરવામાં આવી હતી. તે કોમામાં સરકી ગયો હતો. તેને ગંભીર હાલતમાં ઈન્ટેન્સિવ કેર યુનિટમાં રાખવામાં આવ્યો હતો.ફિલ હ્યુઝને વાગ્યા બાદ મેચ એ જ દિવસે તરત પડતી મુકી દેવામા આવી હતી. આગામી દિવસે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે તે ગંભીર હાલતમાં છે. ઓસ્ટ્રેલિયાના ઉભરતા સ્ટાર તરીકે તેને જોવામાં આવી રહ્યો હતો. તેને થોડીક મેચોમાં જ પોતાની છાપ છોડી હતી. ૧૧મી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે હ્યુઝે પોતાની યશકલગીમાં મોરપિછુ ઉમેરી લીધુ હતુ. એ દિવસે વન ડે પ્રવેશની સાથે જ સદી ફટકારનાર પ્રથમ ઓસ્ટ્રેલિયન ખેલાડી બની ગયો હતો. આ સિદ્ધી હ્યુઝે શ્રીલંકા સામે મેલબોર્ન મેચમાં સદી ફટકારીને મેળવી હતી. હ્યુઝે ટેસ્ટમાં બેક ટુ બેક સદી ફટકાર પણ પ્રથમ યુવા ખેલાડી બની ગયો હતો. આપ્રિકા જેવી શક્તિશાળી ટીમ સામે આ સિદ્ધી હ્યુઝે મેળવી હતી.




હ્યુઝે ઓક્ટોબર ૨૦૧૪માં જ સંયુક્ત અરબ અમિરાતમાં પાકિસ્તાન સામે રમીને કેરિયરની શરૂઆત કરી હતી.ફિલ હ્યુઝ સતત સારો દેખાવ કરી રહ્યો હતો. ઓસ્ટ્રેલિયા જેવી શક્તિશાળી ટીમમાં ફિલ હ્યુઝે સ્થાન મેળવી લેવામાં ૨૦૦૯માં સફળતા મેળવી હતી. ત્યારબાદ ઓફિકા સામે ૨૬મી ફેબ્રુઆરી ૨૦૦૯ના દિવસે પ્રથમ ટેસ્ટ રમી હતી. હ્યુઝે તેની છેલ્લી ટેસ્ટ મેચ ૧૮મી જુલાઈ ૨૦૧૩ના દિવસે રમી હતી. જ્યારે હ્યુઝે પોતાની કેરિયરની પ્રથમ વન ડે મેચ શ્રીલંકા સામે ૧૧મી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે રમી હતી. હ્યુઝે ટેસ્ટ મેચોમાં ત્રણ સદી કરી હતી જ્યારે વન ડે મેચોમાં બે સદી કરી હતી. હ્યુઝના અવસાનની સાથે જ વિશ્વ ક્રિકેટમાં દુખનુ મોજુ ફરી વળ્યું હતુ. ફિલ હ્યુઝે પોતાની કેરિયરમાં ૨૬મી ટેસ્ટ રમીને ૧૫૧૩ ૨ન કર્યા હતા. જડેમાં ત્રણ સદી અને સાત અડધી સદીનો સમાવેશ થાય છે. જ્યારે વનડે મેચોમાં તે ૨૫ મેચો રમ્યો હતો. જેમાં બે સદી અને ચાર અડધી સદી કરી હતી.

### ૧૬ વર્ષની વયે સિડનીમાં કેરિયર માટે પહોંચ્યો હતો

### ફિલ હ્યુઝ કેરિયર સિદ્ધિ.....

સિડની,તા. ૨૭

ફિલ હ્યુઝે ટૂંકી કેરિયરમાં શાનદાર સફળતાઓ મેળવી હતી જે સાબિત કરે છે કે, તે ભવિષ્યમાં એક શાનદાર બેટ્સમેન તરીકે ઉભરનાર હતો. કમનસીબે બે દિવસ પહેલા જ સેફિલ્ડ શિલ્ડની મેચ દરમિયાન તેને સીન એબોર્ટનો એક બાઉન્સર વાગ્યો હતો. જેમાં તે ગંભીરરીતે ઘાયલ થયો હતો. તેના માથામાં ગંભીર ઈજા થઈ હતી. કોમામાં સરી પડ્યા બાદ બે દિવસ બાદ તેનું આજે મોત થયું હતું. ૨૫ વર્ષની વયે તેના મોતથી સમગ્ર ક્રિકેટ જગતમાં આઘાત ફરી વળ્યો છે. તેની કેરિયર સિદ્ધિ નીચે મુજબ છે.

● ૩૦મી નવેમ્બર ૧૯૮૮ના દિવસે ન્યુ સાઉથ વેલ્સના મેક્સવિલ્લેમાં જન્મ થયો હતો, ૧૬ વર્ષની વયે પોતાની ક્રિકેટ મહત્વકાંક્ષાઓને પૂર્ણ કરવા સિડની જતો રહ્યો હતો

● નવેમ્બર ૨૦૦૭ના દિવસે ૧૯માં જન્મદિવસના થોડાક દિવસ પહેલા સિડનીમાં તાસ્માનિયા સામે ન્યુ સાઉથ વેલ્સવતી રમીને ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી અને ૧૯૯ બોલમાં ૫૧ રન કર્યા હતા. આ મેચમાં ન્યુસાઉથ વેલ્સની જીત થઈ હતી

● ફેબ્રુઆરી ૨૦૦૯ના દિવસે જહોનિસબર્ગમાં દક્ષિણ આફ્રિકા સામે ઓસ્ટ્રેલિયા વતી ટેસ્ટ પ્રવેશ કરીને પ્રથમ ટેસ્ટમાં જ પ્રથમ ઈનિંગ્સમાં શુન્ય રને આઉટ થયા બાદ બીજી ઈનિંગ્સમાં ૭૫ રન કર્યા હતા

● માર્ચ ૨૦૦૯માં ડર્બન ખાતે બીજી ટેસ્ટમાં બન્ને ઈનિંગ્સમાં સદી કરીને આ સિદ્ધિ મેળવનાર સૌથી યુવા ઓસ્ટ્રેલિયન ખેલાડી બન્યો હતો અને ૭૯ વર્ષ જુના રેકોર્ડને તોડ્યો હતો

● ૨૦૧૦માં ઈંગ્લેન્ડમાં એસીશ શ્રેણીમાં ખરાબ દેખાવ બાદ ટેસ્ટ ઓપનર તરીકે પરત ફર્યો હતો

● ૨૦૧૧માં શ્રીલંકા સામે ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીમાં સ્થાન મેળવ્યા બાદ અંતિમ ટેસ્ટમાં ૧૨૬ રન કર્યા હતા

● જાન્યુઆરી ૨૦૧૩માં મેલબોર્નમાં શ્રીલંકા સામે વનડે પ્રવેશ કરીને ૧૧૨ રન કર્યા હતા

● ઓક્ટોબર ૨૦૧૪ દુબઈમાં પાકિસ્તાન સામે પ્રથમ ટ્વેન્ટી મેચ રમી હતી. જેમાં ઓસ્ટ્રેલિયાની જીત થઈ હતી


● ૨૭મી નવેમ્બર ૨૦૧૪ તેના જન્મદિવસના ત્રણ દિવસ પહેલા જ માથામાં ગંભીર ઈજા થયા બાદ મોત થયું

# જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલો : બેના મોત

જમ્મુ,તા. ૨૭

જમ્મુ અને કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આજે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી જેમાં સેનાના ત્રણ જવાનો શહીદ થયા હતા અને અન્ય ત્રણ નાગરીકોના મોત થયા હતા. કુલ નવ લોકોના મોત થયા હતા. જાણકાર સુત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે, સેનાના યુનિફોર્મમાં આવેલા આતંકવાદીઓએ આજે અરનિયા શહેર નજીક ભારતીય સેનાના બેઝ પર હુમલો કરી દીધો હતો. ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાન નેપાળમાં છે ત્યારે આ હુમલો કરાયો હતો. ત્રાસવાદીઓ અને સેનાના જવાનો વચ્ચે અથડામણ કલાકો સુધી ચાલી હતી. અંતે ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. ઓપરેશન આશરે ૩.૩૦ વાગ્યાની આસપાસ પૂર્ણ કરી લેવાયું હતું. તમામ ત્રાસવાદીઓનો ખાતમો બોલાવી દેવાયો હતો. ત્રાસવાદીઓના ખાતમા બાદ તપાસ ઓપરેશન હાથ ધરાયું હતું. જે દરમિયાન કેટલાક હથિયારો મળી આવ્યા હતા. ત્રાસવાદીઓએ આ હુમલો કરીને તેમની હાજરી ફરી સાબિત કરી છે. અહેવાલ મુજબ આતંકવાદીઓએ પાકિસ્તાન સાથેની સરહદથી આશરે ચાર કિલોમીટરના અંતરે સ્થિત અરનિયા નજીક આર્મી બેઝ પર હુમલો કર્યો હતો.

આતંકવાદીઓ બે ગ્રુપમાં વિભાજીત થયા હતા અને એક ગ્રુપ



આર્મી બંકર તરફ વધ્યું હતું. અરનિયામાં કરાયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા અધિકારીઓ પ્રત્યે જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સહાનુભુતિ વ્યક્ત કરીને વધુ સુરક્ષા વધારવાની વાત કરી છે. સેનાના જવાનોએ આજે અન્ય એક ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. તપાસ ઓપરેશન દરમિયાન એકે-૪૭ અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. મળેલી માહિતી મુજબ ૮૧૦૦ પાકિસ્તાની ચલણનો જથ્થો પણ મળી આવ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચાર કરવા માટે પહોંચે તે પહેલા આ હુમલો કરાયો હતો. સેનાએ માહિતી આપતા કહ્યું છે કે, જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચુંટણીમાં ખલેલ પહોંચાડવાનો ઈરાદો આતંકવાદીઓ ધરાવે છે પરંતુ સુરક્ષાદળો તેમના કાવતરાઓને નિષ્ફળ બનાવવા માટે સજ્જ છે. મોદી ઉધમપુર જિલ્લામાં રેલી યોજનાર છે જે અરનિયાથી ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. કાશ્મીર ભાજપના પ્રવક્તા ફારુકખાનનું કહેવું છે કે મોદી ઉધમપુર જિલ્લામાં અને પુંછ જિલ્લામાં ક્રમશઃ બપોરે ૧૨ વાગ્યે અને ૨.૩૦ વાગ્યે રેલી કરશે.પુંછ વિસ્તાર, જમ્મુ શહેર અને ઉધમપુરમાં સુરક્ષા મજબુત કરવામાં આવી છે.આજના હુમલા બાદ સુરક્ષાદળોએ સાવચેતી વધારી દીધી છે. હુમલાની જવાબદારી હજુ કોઈ સંગઠને સ્વીકારી નથી. પરંતુ જમ્મુ કાશ્મીરમાં ચુંટણીની જાહેરાત કરવામાં આવ્યા બાદ આ પ્રકારનો આ પ્રથમ હુમલો હતો.

# ક્રિકેટ ખૂબ જ ડેન્જરસ રમત બની છે : લારાની પ્રતિક્રિયા

સિડની તા. ૨૭

ઓસ્ટ્રેલિયાના ખેલાડી ફિલ હ્યુઝના અવસાન બાદ ક્રિકેટ જગતમાં નવી ચર્ચા પણ શરૂ થઈ છે. વિક્રમી ખેલાડી વેસ્ટઈન્ડિઝના બ્રાયન લારાએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, ક્રિકેટ ડેન્જરસ રમત છે તે બાબતની ફરી સાબિતી મળી ગઈ છે. ક્રિકેટની રમતમાં હવે નિયમોને લઈને પણ ચર્ચા થાય તેવી વકી છે. બીજીબાજુ વિશ્વભરના વર્તમાન અને ભૂતકાળના ક્રિકેટરો અંગે પણ પોતપોતાની



પ્રતિક્રિયાઓ આપી છે. ક્રિકેટમાં ઈજાના ઘણા બનાવો જોવા મળ્યા છે જે પૈકી સંજોગોથી વિન્ડીઝના સ્ટાર ખેલાડી ફિલ સિમન્સ ને ગંભીર ઈજા થયા બાદ તે રિકવર થયો હતો. જ્યારે ભારતના ઉભરતા ખેલાડી રમણ લાંબાનું ગંભીર ઈજા થયા બાદ મોત થયું હતું. ભારતના જ ખેલાડી નરી કોન્ટ્રાક્ટરને ઈજા થયા બાદ તેમની ક્રિકેટ કેરીયરનો અંત આવ્યો હતો. સિમન્સને પણ એજ ગાળામાં ઈજા થઈ હતી જ્યારે તે ૨૫ વર્ષનો હતો. લોરેન્સનો એક બોલ તેના માથામાં વાગ્યો હતો ત્યારબાદ તેને માથામાં ગંભીર સર્જરી કરવામાં આવી હતી. કેટલાક ક્રિકેટ નિષ્ણાંતો પણ માની રહ્યા છે કે નિયમોમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. વિતેલા વર્ષોમાં પણ કેટલાક ક્રિકેટરોને આના કારણે ભારે કિમત ચુકવવી પડી છે. ભારતના પણ ઉભરતા સ્ટાર રમણ લાંબાનુ ક્રિકેટમાં જ મોત થયું હતુ. તેને વાગી ગયા બાદ તે પણ ફિલ હ્યુઝની જેમ થોડાક સમય સુધી ગંભીર રહ્યા બાદ મૃત્યુ પામ્યો હતો. તેના મોતના કારણે ભારતીય ચાહકોમાં એ વખતે ચર્ચા રહી હતી. આવી જ રીતે નરી કોન્ટ્રાકરને પણ ગંભીર ઈજા થઈ હત. બોલ વાગ્યા બાદ તેમની સ્થિતી ગંભીર બની હતી. જો કે સારવાર બાદ તેઓ ફિટ થયા હતા પરંતુ ક્યારેય પણ આંતરરારાષ્ટ્રીય ક્રિકેટ રમવાની સ્થિતીમાં રહ્યા ન હતા. તેમની કેરિયર પૂર્ણ તઈ ગઈ હતી. હવે ઓસ્ટ્રેલિયાના ચાહકો કેટલાક નવા પ્રયોગ કરે તેમ માનવામાં આવે છે. હ્યુઝના પરિવારમાં આગાતનુ મોજુ ફરી વળ્યું છે. આ શોક ઘણા દિવસ સુધી રહે તેવી શક્યતા છે.

# શિવસેના સાથે આજથી ફરી નવેસરથી વાતચીત શરૂ થશે

મુંબઈ,તા. ૨૭

પૂર્વ સાથીપક્ષો વચ્ચે તાજેતરમાં ખેંચતાણ રહી હોવા છતાં ભાજપે આજે જાહેરાત કરી હતી કે, તે મહારાષ્ટ્રમાં ચાર સપ્તાહ જુની સરકારમાં તેના સાથીપક્ષને શામેલ કરવા શિવસેના સાથે ફરી વાતચીત કરશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આવતીકાલથી ભાજપના વરિષ્ઠ નેતાઓ દેવેન્દ્ર પ્રધાન, ચંદ્રકાંત પાટિલ શિવસેનાના નેતાઓ સાથે વાતચીત કરશે. ફડનવીસે કહ્યું હતું કે, ભાજપ અને શિવસેનાના કાર્યકરો પણ માને છે કે બન્ને પક્ષો સાથે થવા જોઈએ ઉપરાંત મહારાષ્ટ્રના લોકોની પણ આવી જ ઈચ્છા રહેલી છે. ભાજપે કહ્યું હતું કે, શિવસેના સરકારમાં સામેલ થાય તેમ અમે ઈચ્છીએ છીએ. ફડનવીસે એમપણ કહ્યું હતું કે, અમે જુદી-જુદી રીતે ચુંટણી લડ્યા હતા પરંતુ છેલ્લા ૨૫ વર્ષથી સાથે હતા. સેના કેન્દ્રમાં પણ સરકારના ભાગરૂપે છે. પ્રધાન અને પાટીલ શિવસેના સાથે વાતચીત કરશે. કોઈપણ પ્રકારના મુદ્દા ઉપર સહમત થવા તેમને સંપૂર્ણ જવાબદારી અને સત્તા આપવામાં આવી છે. શિવસેના ટૂંકમાં સરકારમાં જોડાઈ જશે તેવી આશા છે. હજુ સુધી શિવસેના અને ભાજપ વચ્ચે પાછલા બારણે વાતચીત થઈ રહી છે પરંતુ ફડનવીસે આજે વિધિવત રીતે જાહેરાત કરી હતી કે, મંત્રણા યોગ્ય ટ્રેક પર છે. ભાજપ પ્રમુખ અમિત શાહ અને શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે વચ્ચે પણ એક સમજુતી થઈ ચુકી હોવાના અહેવાલ મળી ચુક્યા છે. ફડનવીસ સરકારમાં શિવસેનાને ૧૦ ખાતા આપવાના મુદ્દે સમજુતી થઈ છે. કેબિનેટ કક્ષાના ચાર ખાતા શિવસેનાને આપવામાં આવશે. ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં ભાજપ ૧૨૧ ધારાસભ્યો ધરાવે છે.

# મોદી સાથે નવાઝ શરીફે અંતે હાથ મિલાવ્યો

કાઠમંડુ, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફે આજે એકબીજા સાથે હાથ મિલાવ્યા હતા. રિટ્રીટ દરમિયાન બન્ને ટૂંકા ગાળા માટે એકબીજાને મળ્યા હતા. નેપાળી વડાપ્રધાન કોઈરાલાએ શિખર મંત્રણા પુનઃ શરૂ કરવા બન્ને નેતાઓને અપીલ કરી હતી. ધુળીખેલમાં ટૂંકી વાતચીત દરમિયાન નવાઝ શરીફે મોદીને કહ્યું હતું કે, સંબંધિત દેશોની સરકાર પાસેથી લોકો ઘણી અપેક્ષાઓ રાખે છે. મંત્રણા અટવાઈ પડી છે. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધવિરામના ભંગ બાદ વાતચીત ભાંગી પડી છે. શરીફે મોદીને એમપણ કહ્યું હતું કે, તેઓ બન્ને દેશો વચ્ચેની વાતચીતને આગળ લઈ જવા ઈચ્છુક છે. ગઈકાલે શિખર બેઠકમાં બન્ને એકબીજા સામે જોઈ શકવાની સ્થિતિમાં પણ નહતા. બીજીબાજુ ભારતના વિદેશ મંત્રાલયના



પ્રવક્તાએ કહ્યું છે કે, આ કોઈ વાતચીત નહતી. બન્ને નેતાઓ અલગ રીતે આજે મળ્યા નહતા. પરંતુ સાર્ક દેશોના નેતાઓ એકસાથે બેઠા હતા. આ નેતાઓ માને છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સમસ્યા ઉકેલાશે નહીં ત્યાં સુધી સફળતા મળશે નહીં. અન્ય દેશો પણ મંત્રણા માટે રજુઆત કરી ચુક્યા છે. સાર્ક સમિટ હોલમાં પણ બન્ને મળ્યા હતા. નેપાળના વિદેશ મંત્રી મહેન્દ્ર બહાદુરે ફોન પર વાતચીત કરતા કહ્યું હતું કે, નવાઝ શરીફ અને મોદી વચ્ચે રિટ્રીટ ખાતે હાથ મિલાવવાની વિધી થઈ હતી. બન્નો વડાપ્રધાનો રિસોર્ટની આસપાસ એકસાથે હતા. આ રિસોર્ટ હિમાલય જોવા માટે લોકપ્રિય છે. નેતાઓ અહીં પાંચ કલાક સુધી રોકાયા હતા. સાર્ક સંબંધિત એનર્જી સમજુતી પર હસ્તાક્ષર દરમિયાન નેપાળે વાતચીત થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. જોકે, બે દક્ષિણ એશિયન દેશોના નેતાઓ વચ્ચે આ વાતચીત કોઈ આયોજિત બેઠક નહતી. રાજદ્વારી સુત્રોનું કહેવું છે કે, નેપાળી વડાપ્રધાન સુશીલકુમાર કોઈરાલા દ્વારા આયોજિત રિસેપ્શન દરમિયાન પણ બન્ને વડાપ્રધાનો વાતચીત કરતા દેખાયા હતા. જોકે આને સમર્થન મળ્યું નથી. સાર્ક દેશોના વડાઓ માટે આયોજન થયું હતું.

## સમાચાર ઝલક

- પ્રભાસ પાટણમાં ભયના કારણે બજારો બંધ. પોલીસની સલામતીની ખાત્રી બાદ ધંધો ચાલુ થશે.
- પાકિસ્તાની અભિનેત્રી વીણા મિલક અને તેના પતિને ૨૬ વર્ષની સજા.
- અમદાવાદમાં કમળાનો કહેર. કેસો વધતા પ્રજામાં ભયની લાગણી.
- લાલપુર તાલુકામાં લંપટ શિક્ષકના બાળાઓ સાથે અડપલાં. ફોજદારી કાર્યવાહી કરાશે.
- આવતા અઠવાડિયે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કમોસમી વરસાદની શકયતા.
- ચીનમાં કોલસાની ખાણમાં આગથી ૨૪નાં મોત.
- વડોદરામાં છેતરપીંડી આચરનારા ૩ બોગસ પત્રકારો ઝડપાયા.
- વારાણસી બેઠક પરથી ૩ લાખ મતદારો બોગસ હોવાની બહાર આવેલી વિગતો.
- અંજાર પોલીસ ચોકીમાં રહેલું ડમ્પર ચોરો ઉઠાવી ગયા.
- ચા કંપનીમાં કર્મચારીનો જીવન વીમો સાડા નવ કરોડ રૂપિયાનો થશે.
- ગીરની તળેટીમાં સરકારના અનેક દબાણોનો ખડકલો.
- સૂરતના આંગણે અનોખો ઈતિહાસ બન્યો. પિતા વગરની ૧૧૧ દિકરીઓના એક જ સ્થળે લગ્ન થયા.

## દક્ષિણ આફ્રિકાની કેટલીક મોટી ખબરો

(અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

સાઉથ આફ્રિકન ઈન્સ્ટિટ્યુટ ઓફ સીવીલ એન્જિનિયરિંગ સંસ્થાએ તો, આ દુર્ઘટના માટે સંયુક્ત તપાસની માંગણી પણ રજૂ કરી દીધી.

આ વિવાદ હજુ સમ્યો નહોતો ત્યાં, નાઈઝિરિયાથી વતન દક્ષિણ આફ્રિકા લવાયેલા ઘવાયેલા દક્ષિણ આફ્રિકન શ્રધ્ધાળુઓની ખબર કાઢવા પોતે પ્રિટોરિયાની સર બિકો મેમોરિયલ હોસ્પિટલ જશે, એવી જોસુઆએ જાહેરાત કરી ! આ જાહેરાત સામે પણ આખાય દક્ષિણ આફ્રિકામાં વિરોધનો વંટોળ ઉઠ્યો. કેટલાકે પૂછ્યું : 'શાન્તિના દૂત દલાઈ લામાને આફ્રિકા આવવાની પરવાનગી નથી આપતા તો, પછી જોસુઆને પરમીશન આપવાનું કોઈ કારણ ?!'

આ ઘટના નિમિત્તે ત્યાંના રેશનાલિસ્ટો અને બૌદ્ધિકોએ પણ પત્રો-વિવિધ કોલમમાં ઘણું લખ્યું. એસેબિસ મેક-કેસરે એમની 'કોમેન્ટ' કોલમમાં લખ્યું : 'ઈશ્વર કે ધર્મગ્રંથનો સહારો લીધા વિના લોકોએ સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખવો જોઈએ.' રેગી નામક વાચકે લખ્યું : 'ધર્મો તો માણસે બનાવેલા છે, સાચો ધર્મ એક જ છે : માનવતાનો ધર્મ. બધા ધાર્મિક પુસ્તકો પણ માણસના જ લખેલા છે, એ ભૂલવું ન જોઈએ. સારાસારનો વિવેક માણસે પોતે જ કરવાનો હોય.'

(નેટ પરની છેલ્લી માહિતી કહે છે, દુર્ઘટનાની તપાસ માટે નિમાયેલી નાઈઝિરિયન તપાસ સમિતિ સમક્ષ આગામી ૫ નવેમ્બરે જોસુઆ એમના નિવેદન માટે ઉપસ્થિત રહેવાના છે. દરમિયાનમાં સોશિયલ મિડિયા પર જોસુઆની તરફે અને વિરોધમાં શાબ્દિક તીરો પણ બરાબર છૂટી રહ્યા છે!)

(સમાપ્ત)

# જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં પણ ભાજપ જ નંબર વન રહેશે

## બન્ને રાજ્યોમાં બાજપની જીત પર સટ્ટો : ઝારખંડમાં ૪૦ બેઠકો માટે ત્રણ રૂપિયા અને કાશ્મીરમાં ૫.૫૦નો ભાવ

મુંબઈ,તા. ૨૭

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની શરૂઆત થઈ ગઈ છે. સટ્ટાબજારમાં પણ હવે તેજી આવી ગઈ છે. સટ્ટાબજાર પર વિશ્વાસ કરવામાં આવે તો બન્ને રાજ્યોમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને બહાર આવશે. મુંબઈ અને દિલ્હીના સટ્ટોડિયા દ્વારા આ વર્ષે મે મહિનામાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પરિણામ અંગે બિલકુલ પાકી આગાહી કરી હતી. એટલુ નહી બલ્કે ઓક્ટોબરમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પણ સટ્ટાબજારના આંકડા યોગ્ય સાબિત થયા હતા. હવે સટ્ટોડિયા જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી અંગે આગાહી કરી રહ્યા છે. જે મુજબ ભાજપ પ્રથમ વખત મુસ્લિમ બહુમતિ ધરાવનાર કાશ્મીર ખીણમાં પણે કેટલીક સીટો જીતી શકે છે. જો ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરે છે અને કોઈ રીતે પોતાના મુખ્યપ્રધાનને મુકવામાં સફળ રહે છે તો પાર્ટી માટે ઐતિહાસિક સફળતા રહેશે. ભાજપ હજુ સુધી જમ્મુ કાશ્મીરમાં સૌથી નબળી સ્થિતીમાં છે. જમ્મુ કાશ્મીરમાં ૮૭ બેઠકો છે. ભજપ ૩૫ બેઠકો જીતી જાય તેવી સ્થિતી સર્જાઈ રહી છે. જમ્મુ ક્ષેત્રમાં ૩૭ બેઠકો છે. જ્યારે લડાખમાં ચાર બેઠકો છે. દિલ્હીના બે સટ્ટોડિયાએ કહ્યું છે કે સટ્ટાબજારમાં જમ્મુ કાશ્મીરમાં ભાજપને ૩૫ સીટ પર જીત માટે ૨.૨૫નો ભાવ છે. જ્યારે ૪૦ સીટ પર ૫.૫૦ રૂપિયાનો ભાવ છે. સામાન્ય ભાષામાં સમજવામાં આવે તો રાજ્યમાં ભાજપને ૩૫ સીટ મળવાની સ્થિતીમાં બુકી દરેક સીટ પર ૨.૨૫ની ચુકવમી કરવા માટે તૈયાર છે. એક બુકીએ કહ્યું છે કે હિન્દુ બહુમતિવાળા વિસ્તારમાં ભાજપ માટે મોટા પાયે મતદાન થનાર છે. પરંતુ ચોંકાવનારી બાબત એ છે કે પ્રથમ વખત ખીણના યુવાનો ભાજપ તરફ આકર્ષિત થઈ રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં લોકોની આવક માટે સૌથી મોટા સાધન તરીકે પ્રવાસ છે. વડાપ્રધાન મોદી ભાજપના કાર્યકરોને રાજ્યને ટ્યુરિસ્ટ હબ બનાવવાની થીમ પર કામ કરવા કહી ચુકી છે. લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે.

# જેટલી પહેલી ડિસેમ્બરે રઘુરામ રાજનને મળશે

નવી દિલ્હી,તા. ૨૭

નાણાં મંત્રી અરુણ જેટલી સોમવારના દિવસે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન સાથે વાતચીત કરશે. આ બેઠકમાં વ્યાજદર ઘટાડવાના મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવે તેવી શકયતા છે.બીજી ડિસેમ્બરના દિવસે આરબીઆઈની નાણાકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે. જીડીપી ગ્રોથની અપેક્ષા વચ્ચે સરકાર અર્થતંત્રને પણ વેગ આપવા માટે ઈચ્છુક છે. ફુગાવો પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો છે ત્યારે સરકાર વ્યાજદરને લઈને પણ આગળ વધવા ઈચ્છુક છે. રઘુરામ રાજન સોમવારે નાણાં મંત્રીને મળશે. મંગળવારના દિવસે રઘુરામ રાજન આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી કરશે. જેટલીનું કહેવું છે કે, રિઝર્વ બેંકના વડાને વ્યાજદર ઘટાડવા સમજાવવામાં આવે તેવી વકી છે.